NEP-2020
માર્ગદર્શિકા મુજબ

# ગુજરાતી
## (પલાશ)
### (ગુજરાતી-પ્રથમ ભાષા)

# MASTER

સ્વાધ્યાયપોથી - સ્ટડી મટીરિઅલ - ભાષા સજ્જતા - નિબંધ

## ધોરણ - 6 (પ્રથમ સત્ર)



Alankar®
Publication

Alankar.live
Scan & Learn

# પ્રસ્તાવના...

ટીચિંગ-લર્નિંગ કાર્યને સરળ બનાવતું પુસ્તક **MASTER** આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવીએ છીએ.

ધોરણ 6 થી 8ના મુખ્ય તમામ વિષયોમાં પાઠ્યપુસ્તકના તમામ એકમોના તમામ મુદ્દાઓને સારી રીતે શીખવા-શીખવવા માટે શિક્ષક-વિદ્યાર્થી પાસે વર્ગકાર્યમાં પર્યાપ્ત સમય હોતો નથી. વર્ગકાર્યનો મોટા ભાગનો સમય વિદ્યાર્થીઓને જવાબ લખાવવામાં જ વેડફાઈ જતો હોય છે. કેટલાક વિદ્યાર્થીઓની લેખન ઝડપ ઓછી હોય તો પર્યાપ્ત સમયમાં જવાબો લખી ન શકવાને કારણે જે-તે મુદ્દાની સમજ મેળવી શકતા નથી. ત્યારે **MASTER** માં એક એકમની શીખવા-શીખવવાની જરૂરી તમામ માહિતી ઉપલબ્ધ છે. **ઓબ્જેક્ટિવ** પ્રકારના પ્રશ્નોના જવાબ પુસ્તકમાં જ લખી શકે તે માટે પર્યાપ્ત જગ્યા આપી છે. **સબ્જેક્ટિવ** પ્રકારના પ્રશ્નો ઉત્તરો સાથે આપ્યા છે. જેથી લેખનનો સમય બચે છે. શિક્ષક દરેક મુદ્દાને વિગતે સમજાવી શકે છે અને વિદ્યાર્થી માટે દરેક પ્રશ્નો જાતે જ સમજવા સરળ બને છે.

**MASTER** માં વિષયને અનુરૂપ **સ્વાધ્યાયપોથી, સ્ટડી મટીરિઅલ, વ્યાકરણ, નિબંધ, બધું જ એક જ પુસ્તકમાં** સમાવિષ્ટ હોવાથી અલગ-અલગ પુસ્તકો બનાવવાની જરૂર રહેતી નથી. દફતરનું ભારણ ઘટે છે અને એક જ પુસ્તકમાં બધું જ ઉપલબ્ધ હોવાથી અભ્યાસ સરળ અને પરિણામલક્ષી બને છે.

શિક્ષક-વિદ્યાર્થીએ એકમને અનુરૂપ કરવાની પ્રવૃત્તિઓ અને માર્ગદર્શિકા પણ **MASTER**માં હોવાથી વાર્ષિક શિક્ષણકાર્યનું ભારણ ઘટે છે. દરેક એકમને અંતે હેતુઓ - અધ્યયન નિષ્પત્તિઓ દ્વારા મૂલ્યાંકન પણ થઈ શકે છે. દરેક સત્રમાં લેવાતી પરીક્ષાઓનાં નમૂનારૂપ પ્રશ્નપત્રો દ્વારા પરીક્ષાલક્ષી જાણકારી સૌને ઉપયોગી રહેશે.

**MASTER** બનાવતા ખૂબ જ કાળજી રાખવામાં આવી છે. આમ છતાં, માનવસહજ સરતચૂક કે ટેક્નોલૉજીની ક્ષતિને કારણે વિગતદોષ, માહિતીદોષ કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો સત્વરે ધ્યાન દોરવા વિનંતી. યોગ્ય સૂચનોને તજ્જ્ઞોના માર્ગદર્શન બાદ સુધારી લેવામાં આવશે.

- પ્રકાશક

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | | પાનાં નં. |
|---|---|---|---|
| 1 | પર્વત તારા | પ્રાર્થનાગીત | 03 |
| 2 | વાર્તા રે વાર્તા | વાર્તા | 09 |
| 3 | ચોમાસામાં સૃષ્ટિસૌંદર્ય | પ્રકૃતિનિબંધ | 20 |
| 4 | દૃષ્ટિ પારની સૃષ્ટિ | વિજ્ઞાનકથા | 29 |
| 5 | જય-જય ગરવી ગુજરાત ! | શૌર્યગીત | 39 |
| 6 | રાષ્ટ્રીય શાયર...ઝવેરચંદ મેઘાણી | જીવનચરિત્ર | 45 |
| 7 | નવી નવાઈનું સરઘસ | બાળનાટક | 52 |
| 8 | રામ રાખે તેમ રહીએ | ભજન | 58 |
| 9 | નામનો મોહ છૂટ્યો | પ્રેરક કથા | 63 |
| 10 | લેખણ ઝાલી નો રહી | લોકકથા | 70 |
| 1 | પૂરક વાચન 'ચાલ ફરીએ....' | ગીત-કાવ્ય | 77 |
| * | નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર – 1 | | 78 |
| * | મારુ નિબંધ લેખન - 1 | | 82 |



No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.



# 1. પર્વત તારા (પ્રાર્થનાગીત)

- સુરેશ દલાલ

'પર્વત તારા' એક સુંદર પ્રાર્થનાગીત છે. તેના કવિ સુરેશ દલાલ છે. અહીં કવિ કુદરતના દરેક તત્ત્વમાં ઈશ્વરને જુએ છે. એ વાતને પ્રકૃતિનાં તત્ત્વો દ્વારા સુંદર રીતે વર્ણવી છે.

## -: શબ્દાર્થ :-

**ખંભા** - ખભા, **સરવર** - સરોવર, **વિશાળું** - વિશાળ, **તારણહાર** - ઈશ્વર, દરેક મુસીબતમાંથી ઉગારનાર, **ત્રાડ** - ગર્જના, **રાડ** - ચીસ, ભયની કે દુઃખની તીખી બૂમ, **કાંઠો** - કિનારો, ઘાટ

## -: સમજૂતી :-

'પ્રાર્થના એ આત્માનો ખોરાક છે.' આ પ્રાર્થનાગીતમાં કવિ સુરેશ દલાલ પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોમાં ઈશ્વરનાં દર્શન કરે છે. કવિએ પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોની સરખામણી ઈશ્વરનાં અંગો સાથે કરી છે. એ દ્વારા કવિ પ્રકૃતિના કણ-કણમાં ઈશ્વરનાં દર્શન કરે છે.

કવિ પર્વતને ઈશ્વરના પહોળા ને મજબૂત ખભા તરીકે જુએ છે અને સરોવરમાં ઈશ્વરની આંખનાં દર્શન કરે છે. દરિયાને પરમાત્માનું વિશાળ હૃદય કહ્યું છે. વૃક્ષોમાંથી વહેતો પવન જાણે ઈશ્વરની વાતો કરે છે. વૃક્ષોમાં કવિને ઈશ્વર પ્રત્યક્ષ જણાય છે. મેઘધનુષ્યના સાત રંગોમાં કવિ ઈશ્વરને સુંદર રીતે રમતા નિહાળે છે. તણખલા જેવી સૂક્ષ્મ વનસ્પતિને પણ ઈશ્વર તારે છે. તેમના માટે કશું તુચ્છ નથી. તેઓ સામાન્યમાં સામાન્ય તત્ત્વના, પ્રાણીના તારણહાર છે. ઝરણામાંથી ખળખળ આવતા અવાજમાં કવિ ઈશ્વરનો નાદ સાંભળે છે. પ્રત્યેક ફૂલનાં રંગ અને સુગંધ એ ઈશ્વરની જ ભેટ છે.

ઈશ્વરે સિંહ, વાઘ જેવાં હિંસક પ્રાણીઓને બનાવ્યાં છે તો નાનકડાં કોયલ, બુલબુલ, પતંગિયાં ને તમરાં જેવાં પક્ષીઓના સર્જનહાર પણ ઈશ્વર જ છે.

પરમાત્માએ રચેલા સૂર્ય-ચંદ્રથી આકાશ ઝગમગે છે તો ધરતી પર સૂક્ષ્મ આગિયા ઝગમગે છે. કવિ કહે છે કે કોઈની દુઃખભરી રાડ (ચીસ) અને વાઘ-સિંહ જેવાં પ્રાણીઓની ગર્જનામાં ઈશ્વર જ વસેલા છે. તે દરેકમાં ઈશ્વરનાં લાડ અને વાત્સલ્ય જ રહેલાં છે. મોરપીંછ જેવી સુંદરતા દેખાડતા ઈશ્વર જાણે મેઘધનુષ્યમાં સંતાકૂકડી રમતાં હોય તેમ ક્યારેક આપણી નજીક તો ક્યારેક આપણાથી દૂર ફર્યા કરે છે.

કવિ કહે છે કે મારું જીવન હોડી જેવું છે. જે અજવાળારૂપી સુખ અને અંધારારૂપી દુઃખના કાંઠા વચ્ચે જીવનરૂપી નદીમાં હાલક-ડોલક થાય છે. આ જીવનનૈયાને હંકારનાર કોણ છે ? હે ઈશ્વર ! એ તું જ કહે ? (ઈશ્વર જ હાંકનાર છે.)

## : સ્વાધ્યાય :

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ [ ] માં લખો :**

**(1) ફૂલ-ફૂલની રંગસુગંધે તારી છે સોગાદ...** – [ ]

(A) ફૂલો જ સુગંધીદાર હોય છે. (B) ફૂલોની સુવાસ અને રંગ એ કુદરતી ભેટ છે.
(C) ફૂલોના રંગ મનમોહક હોય છે. (D) ફૂલોનો રંગ મેઘધનુષી હોય છે.

**(2) તું તરણાંનો તારણહારો, ઝરણાંનો તું નાદ,** – [ ]

(A) તરણાંને અને ઝરણાંને હલકું બનાવનાર તું જ છે. (B) તણખલામાં અવાજ આપનાર ઈશ્વર તું જ છે.
(C) તણખલાંને તારનાર અને ઝરણાંના અવાજમાં ઈશ્વર તું જ છે. (D) ઝરણાનો ખળખળ અવાજ ઈશ્વરનું વાજિંત્ર છે.

**(3) એમાં મારી હોડીને આ કોણ હંકારે ?** – [ ]

(A) મારી જીવનનૈયાને કોણ ચલાવતું હશે ? (B) હોડીને દરિયામાં કોણ ચલાવતું હશે ?
(C) મને ખબર છે મારી હોડી કોણ હંકારે છે ? (D) હોડીને દરિયામાં નાવિક ચલાવે છે.

## 2. ખોટા વિકલ્પો છેકી સાચું વાક્ય બનાવો :

(1) લોકો જુદાં-જુદાં કામ કરીને આજીવિકા મેળવે / વસાવે / કરે.

- ........................................

(2) ગુજરાતમાં દિવસે-દિવસે ઉદ્યોગોનો વિકાસ પામ્યો / થયો / ફેલાયો.

- ........................................

(3) ભગવાને સૃષ્ટિનું સર્જન કર્યું / થયું / પામ્યું.

- ........................................

(4) પરીક્ષા નજીક આવતાં તેણે તૈયારી આરંભી / પૂરી કરી / શરૂઆત કરી.

- ........................................

## 3. આપેલા શબ્દોને લાગુ પડતા શબ્દો ઉદાહરણ મુજબ લખો :

ઉદા.: દરિયો - પાણી, હોડી, મોજાં, માછલી, મીઠું, દીવાદાંડી, શંખ, જહાજ.

- વૃક્ષ - ........................................
- પર્વત - ........................................
- આકાશ - ........................................
- નદી - ........................................
- ફૂલ - ........................................

## 4. ઉદાહરણ મુજબ જોડો અને વાક્ય બનાવો.

| | | | |
|---|---|---|---|
| ક. દરિયો | 1. રંગ | અ. ગરમી | ઉદા. ક-2-ઉ |
| ખ. સૂર્ય | 2. વિશાળ | આ. પ્રવાહી | |
| ગ. મેઘધનુષ્ય | 3. ત્રાડ | ઇ. કેશવાળી | |
| ઘ. સિંહ | 4. કાંઠો | ઈ. વરસાદ | |
| ચ. નદી | 5. આકાશ | ઉ. ખારાશ | |

ઉદા. : વિશાળ દરિયાની ખારાશની મદદથી આપણે ખૂબ મીઠું પકવીએ છીએ.

(1) ........................................

(2) ........................................

(3) ........................................

(4) ........................................

## 5. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો.

- **સમજ આધારિત પ્રશ્નો**

**(1)* આપણે પ્રાર્થના કેમ કરીએ છીએ ?**

**ઉત્તર :** પ્રાર્થના કરવાથી આપણને નવીન ઊર્જા મળે છે; અને મનમાં આનંદોલ્લાસ તથા શક્તિનો સંચાર થાય છે. માટે આપણે પ્રાર્થના કરીએ છીએ.

# અલંકાર ગુજરાતી વ્યાકરણ

## (ગુજરાતી શબ્દકોશ, વ્યાકરણ અને લેખન એક જ પુસ્તકમાં)

### ધોરણ 6 / 7 / 8 / માટે અલગ-અલગ પુસ્તકો






### વિશેષતાઓ

- ધોરણને અનુરૂપ **વિશાળ શબ્દભંડોળ**
- શબ્દોના શુદ્ધ ઉચ્ચારણની સમજ
- સાચી જોડણીનું મહત્ત્વ સમજાવતાં પુસ્તકો
- શબ્દકોશની ઉપયોગિતા
- શબ્દકોશમાંથી શબ્દના અર્થ મેળવવાની યોગ્ય પદ્ધતિની સમજ
- **વ્યાકરણના દરેક મુદ્દાની સૂક્ષ્મ છણાવટ**
- પાઠ્યપુસ્તકના વ્યાકરણ સાથે મહાવરા માટે વિશેષ વ્યાકરણ
- સ્વાધ્યાય દ્વારા સ્વ-અધ્યયનની પ્રવિધિઓ
- લેખનવિકાસ માટે નોંધપાત્ર સચોટ સામગ્રી જેમ કે...
  નિબંધ, વાર્તાલેખન, પત્ર, વિચાર-વિસ્તાર, સંક્ષેપીકરણ અહેવાલ લેખન, પદ્યાર્થગ્રહણ, ગદ્યાર્થગ્રહણ વગેરે...
- **વાંચન, લેખન, પઠન અને શ્રવણ કૌશલ્યને વિકસાવવા માટે સહાયક વિષય વૈવિધ્ય.**
- ગુણવત્તાયુક્ત કાગળ ક્વૉલિટી અને આકર્ષક પ્રિન્ટિંગ

# 'સ્માર્ટ શિક્ષણ પદ્ધતિ'

# અલંકાર MASTER

## રેફરન્સ કોર્સ બુક સિરીઝ (ધોરણ 5 થી 8)

NEP-2020 માર્ગદર્શિકા મુજબ




## વિશેષતાઓ

- વર્ગ શિક્ષણકાર્ય દરમિયાન **Teaching Time** નો મહત્તમ ઉપયોગ થઈ શકે.
- વિદ્યાર્થીને જાતે સમજવા અને તૈયારી કરવા માટે **વિસ્તૃત સમજ સાથે સહાયક.**
- ઓબ્જેક્ટીવ પ્રકારના પ્રશ્નો-જવાબો લખવા માટે **પર્યાપ્ત અવકાશ.**
- સ્વાધ્યાયપોથી, સ્ટડી મટીરિઅલ, નિબંધ લેખન, પ્રયોગપોથી, નકશાપૂર્તિ, વ્યાકરણ. બધું જ એક જ પુસ્તકમાં સમાવિષ્ટ હોવાથી દફતરનું ભારણ ઘટે છે, **'ભાર વિનાનું ભણતર'.**
- સરળ અને **પરિણામલક્ષી અભ્યાસ**નો પર્યાય પૂરું પાડતી પુસ્તક સિરીઝ.
- Alankar.live કનેક્ટેડ.
- એકમને **અનુરૂપ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** અંગેની માર્ગદર્શિકા તથા દરેક એકમની **અધ્યયન નિષ્પત્તિઓ.**

Alankar® Publication